# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

********************************************************

1. **એવિયનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ટ્રમ્પ વચ્ચે આજે દ્વિપક્ષિય બેઠક યોજાશે**
2. **G-7 શિખર સમેલનમાં પ્રધાનમંત્રીએ વૈશ્વિક દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખલાસીઓ સામેના જોખમોથી બચાવવા હાકલ કરી.**
3. **પુડુચેરી મંત્રીમંડળમાં આજે ત્રણ નવા મંત્રીઓના સમાવેશ સાથે મંત્રી પરિષદનું વિસ્તરણ થયું.**
4. **નાણાકીય વર્ષ 2025-26માં સંરક્ષણ ઉત્પાદન વધીને રેકોર્ડ 1.78 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું.**
5. **બ્રેન્ટ ક્રૂડના પ્રતિ બેરલ ભાવ 5.4 ટકા ઘટીને 78.66 ડોલર થયા.**
6. **ક્રિકેટમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે લખનૌમાં બીજી વનડે, જ્યારે મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડસ સામે.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM TRUMP MEETING

G7 શિખર સંમેલન તેના નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહ્યું છે, ત્યારે ફ્રાન્સનું શહેર એવિયન આજે વૈશ્વિક રાજદ્વારીનું કેન્દ્ર રહ્યું છે. ભારત ભાગીદાર દેશ તરીકે ભાગ લઈ રહ્યું છે, તેથી તમામની નજર આજે સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની ખૂબ જ અપેક્ષિત દ્વિપક્ષીય બેઠક પર છે.

આજની મુલાકાત દરમિયાન, તેઓ બહુવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા માટે વ્યાપક ચર્ચાઓ કરે તેવી અપેક્ષા છે. સાથે સાથે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી મોદી "તમામના લાભ માટે સંતુલિત, સમાવિષ્ટ અને ટકાઉ આર્થિક વિકાસને પુનર્જીવિત કરવા" વિષય પર G7 કાર્યકારી સત્ર અને "કૃત્રિમ બુદ્ધિમત્તાની સલામત, ઝડપી અને અસરકારકતા સુનિશ્ચિત કરવા" વિષય પરના કાર્યકારી લંચમાં પણ ભાગ લેશે.

બાદમાં તેઓ EU કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા, યુરોપિયન કમિશનના પ્રમુખ વોન ડેર લેયેન સાથે ત્રિપક્ષીય બેઠક અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરશે.

# PM G-7

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ દેશોને વૈશ્વિક દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખલાસીઓને સંઘર્ષ સંબંધિત જોખમોથી બચાવવા હાકલ કરી છે.

ફ્રાન્સના એવિયનમાં G7 શિખર સંમેલનના આઉટરીચ સત્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષોએ વૈશ્વિક વેપારને વિક્ષેપિત કર્યો છે અને જાનહાનિ કરી છે. દરિયાઈ વેપાર માટેના વધતા જોખમો અને પશ્ચિમ એશિયામાં અસ્થિરતાના માનવ ખર્ચ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, વૈશ્વિક દરિયાઈ વેપાર દ્વારા તમામ રાષ્ટ્રોને જોડતા ખલાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાની આપણી જવાબદારી છે.

# PM MODI PARIS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ફ્રાન્સની મુલાકાતના ભાગ રૂપે પેરિસ પહોંચશે. ભારતીય ડાયસ્પોરાના સભ્યો તેમના આગમનની રાહ જોઈ રહ્યા છે અને તેમના સ્વાગત માટે તૈયારીઓ ચાલી રહી છે.

સાંભળીએ એક અહેવાલ.

**V/C-MAHESH CHOPADE**

# PRESIDENT MP VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે મધ્ય પ્રદેશના પાંચ દિવસીય પ્રવાસે જશે. તેઓ અહીં 22 જૂન સુધી બૈતૂલ, ઓમકારેશ્વર અને જબલપુરમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે અને શ્યોપુરના પ્રસિદ્ધ કૂનો નેશનલ પાર્કની મુલાકાત પણ કરશે. તેમના પ્રસ્તાવિત બૈતૂલ પ્રવાસ કાર્યક્રમની તૈયારીઓ સંદર્ભે, આજે ટ્રાયલ લેન્ડિંગ અને કારકેડ રિહર્સલ યોજાશે.

# PIYUSH GOYAL-MONACO

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મોનાકોના પ્રિન્સ આલ્બર્ટ દ્વિતીય સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે જણાવ્યું કે, મુલાકાત દરમિયાન નવીનતા અને ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રોમાં ભારત-મોનાકો ભાગીદારીને વિસ્તૃત કરવા અંગે ચર્ચા કરવામાં આવી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભવિષ્યમાં ભારત-મોનાકો સંબંધો વધુ મજબૂત બનશે.

# PUDUCHERRY MINISTER SWORN IN

પુડુચેરી મંત્રીમંડળમાં આજે ત્રણ નવા મંત્રીઓનો સમાવેશ સાથે મંત્રી પરિષદનું વિસ્તરણ થયું છે. લોક નિવાસ ખાતે આયોજિત સમારોહમાં ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસના ધારાસભ્યો પી. રાજવેલુ અને વી. પી. શિવકોલુંધુ અને ભાજપના ધારાસભ્ય જી. એન. એસ. રાજશેખરને મંત્રી તરીકે શપથ લીધા. લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. મુખ્યમંત્રી એન. રંગાસ્વામી, મંત્રીઓ, ધારાસભ્યો અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતીમાં શપથગ્રહણ સમારંભ યોજાયો હતો.

મુખ્યમંત્રી એન. રંગાસ્વામી અને બે મંત્રીઓ - ભાજપ નેતા એ. નમસ્સ્વયમ અને ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસના નેતા મલ્લાદી કૃષ્ણ રાવે - ગયા મહિને શપથ લીધા હતા.

દરમિયાન, નવી ચૂંટાયેલી પુડુચેરી વિધાનસભા હજુ તેના પ્રથમ સત્ર માટે મળી નથી. વિધાનસભા માટે સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરની ચૂંટણી પણ ટૂંક સમયમાં થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH-DEFENCE PRODUCTION

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, નાણાકીય વર્ષ 2025-26માં ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન 1.78 લાખ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું કે, આ સિદ્ધિ પાછલા નાણાકીય વર્ષમાં 1.54 લાખ કરોડ રૂપિયાના ઉત્પાદનની તુલનામાં 15 ટકાથી વધુનો વધારો છે.

નાણાકીય વર્ષ 2020-21 કરતા 110 ટકાનો વધારો છે, જ્યારે આ આંકડો 84 હજાર કરોડ રૂપિયાથી વધુ હતો. શ્રી સિંહે કહ્યું કે, નાણાકીય વર્ષ 2013-14માં ચાર હજાર 746 કરોડ રૂપિયાની તુલનામાં સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ચાર ગણું વધ્યું છે.

તેમણે કહ્યું કે, તાજેતરના વર્ષોમાં ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો સંરક્ષણ ઉત્પાદન વિભાગ અને અન્ય તમામ હિસ્સેદારોના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે.

# OIL PRICE FALL

બ્રેન્ટ ક્રૂડના પ્રતિ બેરલ ભાવ 5.4 ટકા ઘટીને 78.66 ડોલર થયા. આ સાથે આ વર્ષે માર્ચ પછી પહેલી વાર તેલના ભાવ 80 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયા. આ ઘટાડો એવા આશાવાદ વચ્ચે આવ્યો છે કે, અમેરિકા - ઈરાન યુદ્ધ અંગેના કામચલાઉ કરારથી અઠવાડિયાના અંતમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલશે અને તેલનો વૈશ્વિક પ્રવાહ ફરી શરૂ થશે.

28 ફેબ્રુઆરીથી ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓને પગલે, ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચ્યા, જે લગભગ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા.

જોકે, રવિવારે સાંજે રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, અમેરિકા અને ઈરાન યુદ્ધને સમાપ્ત કરવા માટે સમજૂતી પત્રની શરતો પર સંમત થયા છે ત્યારથી ભાવમાં ભારે ઘટાડો થયો છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચ આજે લખનૌ ખાતે થોડીવારમાં શરૂ થશે. જેમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ હાલમાં 1-0થી આગળ છે. ધર્મશાળામાં રમાયેલી પહેલી મેચમાં ભારતે 7 વિકેટે જીત મેળવી હતી.

જ્યારે મહિલા ક્રિકેટમાં, આજે ICC મહિલા T20 વિશ્વકપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. આ મેચ યુકેના લીડ્સમાં ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે. આ શ્રેણીમાં ભારતે પોતાની પહેલી મેચમાં પાકિસ્તાનને 64 રનથી હરાવ્યું હતું.

# OM BIRLA-MAHARANA PRATAP

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે મહારાણા પ્રતાપને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી બિરલાએ કહ્યું કે, અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ, મહારાણા પ્રતાપે તેમના સિદ્ધાંતો, સંસ્કૃતિ અને માતૃભૂમિના સન્માન સાથે ક્યારેય સમાધાન કર્યું નહીં. તેમની બહાદુરી ફક્ત મેવાડ કે રાજસ્થાનનો જ નહીં, પરંતુ સમગ્ર ભારતવર્ષ માટે પ્રેરણાદાયક વારસાનો ખજાનો છે.

શ્રી બિરલાએ દરેકને મહારાણા પ્રતાપના દેશભક્તિ, ફરજ અને આત્મસન્માનના આદર્શોને તેમના જીવનમાં આત્મસાત કરવાનો સંકલ્પ લેવા વિનંતી કરી.

# ABHISHEK DEV - EXPORT

કૃષિ અને પ્રક્રિયાકૃત ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળના અધ્યક્ષ અભિષેક દેવે જણાવ્યું કે, ભારતની કૃષિ ખાદ્ય ઉત્પાદનોની નિકાસ વધીને 500 વસ્તુઓ થઈ ગઈ છે. અમેરિકા, બ્રાઝિલ, ચીન અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય વૈશ્વિક નિકાસકારોની સ્પર્ધા હોવા છતાં ભારતે આ સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી દેવે માહિતી આપી કે, ગયા વર્ષે કૃષિ નિકાસ 53 અરબ ડોલર હતી. ભારત વિશ્વના ટોચના 10 કૃષિ નિકાસકાર દેશોમાં સામેલ છે.

તેમણે ઉમેર્યું કે, દેશે ચોખા અને મસાલા જેવા પરંપરાગત ઉત્પાદનોથી આગળ વધીને કઠોળ, કોકો ઉત્પાદનો, અનાનસ, દ્રાક્ષ અને દાડમનો સમાવેશ કરીને તેની કૃષિ નિકાસમાં નોંધપાત્ર વૈવિધ્યતા લાવી છે, જે હવે ડઝનબંધ દેશોના બજારોમાં નિકાસ કરવામાં આવે છે.

# J&K-AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં, વાર્ષિક અમરનાથ યાત્રા પહેલા અધિકારીઓએ સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થા ચૂસ્ત કરી છે. આ  યાત્રાના સલામત અને સુચારુ સંચાલન માટે બહુ-સ્તરીય વ્યવસ્થા, મોક ડ્રીલ અને સંકલિત કવાયત હાથ ધરવામાં આવી રહી છે. સુરક્ષા દળો, પોલીસ અને નાગરિક વહીવટીતંત્રે આવતા મહિનાની શરૂઆતમાં શરૂ થનારા પરિવહન માર્ગો, બેઝ કેમ્પ, રેલ્વે માળખાકીય સુવિધાઓ, લોજમેન્ટ સેન્ટરો અને યાત્રા સાથે જોડાયેલા અન્ય મહત્વપૂર્ણ સ્થાપનોને આવરી લેતી વ્યાપક સુરક્ષા ગ્રીડ સક્રિય કરી છે.

પોલીસે પરંપરાગત પહેલગામ માર્ગ પર સુરક્ષા પગલાં મજબૂત બનાવ્યા છે. ખાનબાલથી પહેલગામ સુધી વિશેષ ટીમો તોડફોડ વિરોધી તપાસ, વિસ્તાર પ્રભુત્વ કસરતો અને સેનિટાઇઝેશન ડ્રાઇવ ચલાવી રહી છે, જેમાં પરિવહન બિંદુઓ, પાર્કિંગ વિસ્તારો, રહેઠાણ કેન્દ્રો અને સંવેદનશીલ સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. આ કામગીરીને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ યુનિટ અને ટેકનિકલ સર્વેલન્સ ટીમો દ્વારા મદદ કરવામાં આવી રહી છે..

# PUNJAB-MoU

પંજાબે તેના રમતગમત ગુડ્સ, ફૂટવેર અને ચામડાના ઉત્પાદનને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. પંજાબના ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગ દ્વારા દેશની એક મુખ્ય કેન્દ્રીય સંસ્થા, ફૂટવેર ડિઝાઇન અને ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (FDDI) સાથે એક સમજૂતી કરાર કરાયા છે. જેનો ઉદ્દેશ્ય આ ક્ષેત્રોમાં ઉદ્યોગોને આધુનિક પરીક્ષણ માળખા, કુશળ માનવશક્તિ, ડિઝાઇન અને નવીનતા સપોર્ટ અને મજબૂત બજાર જોડાણ પ્રદાન કરવાનો છે.

આ ભાગીદારી પંજાબના MSME ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં વધારો કરશે, જેનાથી તેઓ રાષ્ટ્રીય અને વૈશ્વિક સપ્લાય ચેઇન સાથે સંકલન કરી શકશે. આ પહેલ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને ટેકો આપશે, નવીનતાને પ્રોત્સાહન અને નવી રોજગાર અને નિકાસ તકો ઉભી કરશે તેવી અપેક્ષા છે.